ક્રમાંક :એન.એ./એસ.આર./૧૦/૨૦૦૭-૨૦૦૮,

જમીન/૩/વશી/૪૦૧૨/૨૦૦૭
કલેક્ટર કચેરી, મહેસૂલ શાખા
વડોદરા તા. ૫/૧/૨૦૦૮

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ,રહે.વડોદરાની મોજે તાંદલજા તા.વડોદરાના સ.નં.૪૮૫,૪૮૩,૪૮૪,૪૮૬, ૪૮૭, ૪૮૮/૧,૪૮૮/૨ ટીપી નં.૨૩ ફાયનલ પ્લોટ નં.૬૬ તથા ૬૪+૬૫. ની ૨૨૦૦ તથા ૧૭૧૦૦ ચો.મી.મળી કુલ ૧૯૩૦૦ જમીનની રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મળવાની તા.૧૯/૯/૨૦૦૭ની અરજી.

(૨) મામલતદારશ્રી વડોદરા શહેરનાં પત્રાંક નં.જમીન/વશી/૪૦૧૨/૨૦૦૭,તા.૧૨/૧૨/૨૦૦૭ થી આવેલ દરખાસ્તનાં કાગળો.

(૩) જમીન મહેસુલ કાયદાની કલમ- ૬૫.

(૪) જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧(૨).

(૫) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃબખપ/૧૦-૨૦૦૧/૨૬૮૫/ક, તા.૧૬/૨/૨૦૦૪.

(૬) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા.૭/૮/૯૯નાં પરિપત્ર અન્વયે જમીન ધારકશ્રીએ રજુ કરેલ તા.૭/૯/૨૦૦૭નુ સોગંદનામું.

: હુકમ :

(૧) મોજે તાંદલજા તા.વડોદરાના સ.નં.૪૮૫,૪૮૩,૪૮૪,૪૮૬, ૪૮૭, ૪૮૮/૧,૪૮૮/૨, ટીપી નં.૨૩ ફાયનલ પ્લોટ નં. ૬૬ તથા ૬૪+૬૫ની ૨૨૦૦ તથા ૧૭૧૦૦ ચો.મી.મળી કુલ ૧૯૩૦૦ ચો.મી. ખેતીની જમીન શ્રી ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલના ખાતે ચાલે છે.

(૨) યુ.એલ.સી.હેઠળ ફાજલ જમીનનાં કબજા સંભાળ્યાના લીસ્ટથી ખાત્રી કરતાં આ જમીનનો સમાવેશ થતો નથી. જમીન ધારકશ્રીએ તા.૭/૯/૨૦૦૭ના સોગંદનામાંથી જાહેર કર્યા મુજબ આ જમીનનો કબજો પોતાની પાસે છે તથા કોઈપણ કોર્ટમાં વિવાદ પેન્ડીગ નથી તેમ જાહેર કરેલ છે.

(૩) સવાલવાળી જમીન જુની શરતની છે.જેથી ગણોતધારા હેઠળ જરુરી મંજુરી મેળવવાનો પ્રશ્ન નથી.

(૫) વડોદરા મ્યુનિ.કોર્પોરેશનમાં સુચિત લેઆઉટ પ્લાન ચકાસણી માટે જમા કરાવ્યા અંગે સ્ક્રુટીની.ફી તા.૧૯/૯/૨૦૦૭નાં રોજ જમા કરાવી તેની પહોચ તથા સૂચિત લેઆઉટ પ્લાન/ નકશા રજુ કરેલ છે.

(૬) મામલતદારશ્રી વડોદરા શહેરએ તપાસ કરતાં આ જમીન ઉપર બીનપરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી.કબજેદારે પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિ.ધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે.તથાં રહેણાક હેતુ.દર ચો.મી.રૂા.૦-૫૦ પૈસા પ્રમાણે તથા પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રૂપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૭) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું જમીન સંપાદન અધિ.શ્રીઓએ જણાવેલ છે.

(૮) ખાતેદારે રહેણાંકના દર ચો.મીટરે રૂા.૧૦-૦૦ પ્રમાણે ૧૯૩૦૦ ચો.મી.જમીનનાં રૂપાંતર કરની રકમ રૂા.૧,૯૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રાણું હજાર પુરા)સ્ટેટ બેન્ક ઓફ

ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે તા.૨૪/૧૨/૨૦૦૭ ના રોજ જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.તેમજ સીટી સર્વે કચેરીમાં માપણી ફીની રકમ રૂા.૩૯,૯૦૦-૦૦ તા:૨૬/૧૨/૨૦૦૭નાં રોજ જમા કરાવી અસલ પહોંચ નંબર–૧૧૪ રજુ કરેલ છે.

(૯) સબબ,મોજે તાંદલજા તા.વડોદરાના સ.નં.૪૮૫,૪૮૩,૪૮૪,૪૮૬,૪૮૭,૪૮૮/૧,૪૮૮/૨ ટીપી નં:૨૩ ફાયનલ પ્લોટ નં. ૬૬ તથા ૬૪+૬૫ની ૨૨૦૦ તથા ૧૭૧૦૦ ચો.મી.મળી કુલ ૧૯૩૦૦ ચો.મી. રહેણાંકના રૂા.૦–૫૦ પૈસા પ્રમાણે રૂા.૯,૬૫૦/–વિ.ધારો તથા અન્ય ઉપકરો પ્રવર્તમાન દરે તા.૧/૮/૨૦૦૭થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની શરતે તથા મહાનગર પાલિકા વડોદરા પાસેથી મંજુર કરેલા નકશા તથા રજાચિઠ્ઠી મેળવી બાંધકામ કરવાની બીનખેતીના રહેણાંકનાં હેતુ માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

: શરતો :

(૧) જમીન ધારકશ્રીએ વડોદરા મ્યુનિ. કોર્પોરેશન તરફથી મંજુર થયેલ સુચિત નકશા મુજબ/ રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે. તથા મંજુર થયેલ રજાચિઠ્ઠિ તથા નકશાની એક નકલ દિન–૩૦માં રજુ કરવાની રહેશે.

(૨) ટી.પી.સ્કીમ ની જોગવાઈઓ ફા.પ્લોટનાં ક્ષેત્રફળ મુજબ નકશો મંજુર થયેથી અને મ્યુનિ.ધ્વારા કબજો મળ્યા બાદ ફાયનલ પ્લોટમાં મળતી જમીનમાં બાંધકામ કરવાનું રહેશે.

(૩) અન્ય પ્રવર્તમાન ધારાઓ અંગે પરવાનગી લેવાની રહેશે.

(૪) કબજેદારે તા.૭/૯/૨૦૦૭નાં સોગંદનામાંથી જાહેર કર્યા મુજબ આ જમીન કે તેના કોઈ ભાગ કે પ્લોટ સરકારને પ્રાપ્ત કરવાનો થાય તો તે પ્રમાણે કરવી અને તે દાવાની કબુલાત મુજબ બાંધકામની કિંમતનાં વળતરનો હકક થઈ શકશે નહીં કે,સરકાર સામે તે અંગે કોઈ વાંધો કે તકરાર લાવી શકશે નહી. કે સરકારને હુકમનાં કારણે સઘળી જવાબદારીમાંથી મુકત રાખવાની રહેશે. આ સોગંદનામું ખોટું ઠરશે તો આપેલ બીનખેતીની પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

કલેકટર વડોદરા

(૫) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂં કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૬) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂં કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને વસુલ ભરેલો વિ.ધારા વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિ.

(૭) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવામાં અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે.અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૮) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એન" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૨) આ જમીનનો વિ.ધારો રહેણાંકના કામે ૧૯૩૦૦ ચો.મી.નો દર ચો.મી.ના રૂા.૦–૫૦ પૈસા પ્રમાણે રૂા.૯,૬૫૦/–તા.૧/૮/૨૦૦૭થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા લોકલ ફંડ માટે રૂા.૪,૮૨૫/–તથા શિક્ષણ ઉપકર રૂા.૨,૪૧૩/–વિ.ધારા ઉપરાંત ભરવાનો રહેશે.તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૩) માપણી થયેથી જમીનમાં વધઘટ થશે તો તે ઉપરનો વિ.ધારો તથા અન્ય કરો નિયમોનુસાર ભરવો પડશે.

(૨૪) ઉપરની કોઈપણ શરત અગર સનંદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેક્ટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ
કલેક્ટર વડોદરા વતી

સહી/–
કલેક્ટર, વડોદરા

રજી.પોસ્ટ એડી.થી

પ્રતિ,
ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ,
સરપંચવાળું ફળિયું,તાંદલજા ગામ,
તાંદલજા,
વડોદરા.

નકલ સવિનય રવાના :– મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, (બાંધકામ શાખા) વડોદરા મહાનગર સેવા સદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ

નકલ જયભારત સહ રવાના :–

(૧) મામલતદારશ્રી વડોદરા શહેર તરફ (હુકમનીનકલ બે પ્રતમાં) એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજની નોધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ સને ૨૦૦૭–૨૦૦૮નાં હિસાબોમાં સાધવા તથા ગામે તા.ન.નં.૨ તથા ૭/૧૨માં વિ.ધારાની નોધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારુ.

(૨) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર વડોદરા તરફ. જરુરી કાર્યવાહી થવા સારૂ

(૩) સીટી સર્વે સુપ્રિ.શ્રી નં.૧,વડોદરા તરફ : (કામનાં કાગળો સાથે)
ર/–જરુરી કાર્યવાહી થવા સારૂ અને માપણી ફી વસુલ થયેલ છે જે જાણ સારૂ તથા વધ ઘટ હોય તો બે માસમાં રીપોર્ટ કરવા સારૂ

(૪) બિનખેતી મામલતદારશ્રી વડોદરા તરફ.

(૫) નાયબ નગર આયોજન અધિકારીશ્રી,નર્મદા ભુવન વડોદરા તરફ.

મોજે તાંદલજા તા.વડોદરાના સ.નં.૪૮૫,૪૮૩,૪૮૪,૪૮૬,૪૮૭, ૪૮૮/૧,૪૮૮/૨, ટીપી નં.૨૩ ફાયનલ પ્લોટ નં. ૬૬ તથા ૬૪+૬૫. ની ૨૨૦૦ તથા ૧૭૧૦૦ ચો.મી.મળી કુલ ૧૯૩૦૦ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક.

| બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ | નિયમ મુજબ લેવાનો બિશેષ ધારાની રકમ | વસુલ કરવાની વિશેષ ધારાની રકમ | રૂપાંતરકર લેવાની વિગત | લોકલ ફંડની વિગત | શિક્ષણ ઉપકરની રકમ | કોલમ-૪નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| મોજે તાંદલજા તા.વડોદરાના સ.નં.૪૮૫,૪૮૩,૪૮૪,૪૮૬, ૪૮૭, ૪૮૮/૧,૪૮૮/૨, ટીપી નં.૨૩ ફાયનલ પ્લોટ નં. ૬૬ તથા ૬૪+૬૫ની ૨૨૦૦ તથા ૧૭૧૦૦ ચો.મી.મળી કુલ ૧૯૩૦૦ ચો.મી. જમીન. | ચો.મી. ૧૯૩૦૦ (રહેણાંક) | રહેણાંકના હેતુના દરે દર ચો.મી.ના ૦-૫૦ પૈસા પ્રમાણે | રૂ. પૈસા ૯,૬૫૦-૦૦ (અંકે રૂપિયા નવ હજાર છસો પચાસ પુરા) | રૂ. પૈસા ૧,૯૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રાણું હજાર પુરા) | રૂ. પૈસા ૪,૮૨૫-૦૦ (અંકે રૂપિયા ચાર હજાર આઠસો પચ્ચીસ પુરા) | રૂ. પૈસા ૨,૪૧૩-૦૦ (અંકે રૂપિયા બે હજાર ચારસો તેર પુરા) | તા.૧-૮-૨૦૦૭ થી |
| શ્રી ઈસ્માઈલભાઈ દાદાભાઈ પટેલ, | | | | | | | |

નોંધ:- રૂપાંતરકરની રકમ રૂા.૧,૯૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રાણું હજાર પુરા) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા વડોદરામાં ચલનથી તા.૨૪/૧૨/૨૦૦૭નાં રોજ જમા કરાવવામાં આવેલ છે.

રવાના કર્યુ
કલેક્ટર વડોદરા વતી

કલેક્ટર
વડોદરા

સહી/-
કલેક્ટર વડોદરા